# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત.- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

Fax no :- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ web :-www.suratdeo.org


જા.નં.મા-૨/ન.લ./ન.સ./૨૦૨૪/ 13341 તા.05/૦૯/૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી,

માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓ તમામ,

સુરત, જિ.સુરત.

**વિષય:** નમો લક્ષ્મી અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અંતર્ગત બાળકોના નામ લીસ્ટમાં ન આવતા હોય અથવા કોઈ ટેકનીકલ કારણસર એન્ટ્રી બાકી રહેલ હોય તે માટે વિગત આપવા બાબત.

**સંદર્ભ:** કમિશનરશ્રી શાળાઓની કચેરીના પત્ર ક્રમાંક:ઘ/માધ્ય/અનદ-૩/૨૦૨૪/૮૧૭૦-૮૨૦૬ તા.૦૪/૦૯/૨૦૨૪

ઉપરોક્ત વિષય અને સંદર્ભપત્ર અન્વયે જણાવવાનું કે નમો લક્ષ્મી અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અંતર્ગત જિલ્લામાં મોટા ભાગની બાળકોની એન્ટ્રી તેમજ વેરીફીકેશન કામગીરી પૂર્ણ થયેલ છે પરંતુ બાકી રહેલ શાળાઓએ બાળકોની શાળા કક્ષાએ ડેટા એન્ટ્રી તેમજ વેરીફીકેશનની કામગીરી દિન-૩માં પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

વધુમાં, આપની શાળાના બાળકોની ડેટા એન્ટ્રી તેમજ વેરીફીકેશન કામગીરી કરતા નીચે મુજબની સમસ્યાઓ જાણવા મળેલ છે.

૧. બાળકોના નામ શાળાના લીસ્ટમાં ન આવવા
૨. બાળકની એન્ટ્રી કરવામાં ટેકનીકલ મુશ્કેલી
૩. બાળકની CTS વિગતમાં ભૂલ હોવી
૪. વેરીફીકેશના લોગીનમાં બાળકની વિગત ન આવવી
૫. લોગીન સમસ્યા (શિક્ષક/વેરીફાયર)
૬. અન્ય કોઈ ટેકનીકલ સમસ્યા

જે શાળામાં ઉક્ત જણાવેલ સમસ્યા પૈકી કોઈપણ સમસ્યા ઉદભવતી હોઈ તેવી શાળાઓએ **તા.૦૯/૦૯/૨૦૨૪, સોમવારના રોજ સવારે ૧૧.૦૦ થી બપોરે ૦૨.૦૦ કલાકે** પોતાના SVSની શાળા પર આ સાથે સામેલ નિયત પત્રકમાં માહિતી સોફ્ટ (ફોન્ટ સાઈઝ-૧૪, ફોન્ટ-Arial કેપિટલ અંગ્રેજીમાં)અને હાર્ડ કોપી સહી સિક્કા સહીત પત્રકમાં માંગવામાં આવેલ તમામ આધારો સહીત આચાર્ય/જાણકાર કર્મચારીએ ફરજીયાત રૂબરૂ હાજર રહેવા જણાવવામાં આવે છે.

**નોંધ:- નમો લક્ષ્મી અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજનાની માહિતી અલગ અલગ ફાઈલમાં વિદ્યાર્થીની યાદી સહીત રજૂ કરવાની રહેશે.**

**જો કોઈ શાળા ઉપરોક્ત સૂચના મુજબ સમયમર્યાદામાં ફાઈલ રજૂ કરવામાં ચૂક કરશે અને બાળક યોજનાના લાભથી વંચિત રહેશે તો તેની સઘળી જવાબદારી સંબધિત શાળાના આચાર્યશ્રીની રહેશે.**

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત,જિ.સુરત

**બીડાણ:** નિયત નમૂનાનું પત્રક

## નમો લક્ષ્મી/ નમો સરસ્વતી યોજનાના સોફ્ટવેર(બોટ)માં નામ આવતા ન હોય/એન્ટ્રી બાકી હોય/ટેકનીકલ સમસ્યા તેવા વિદ્યાર્થીઓની યાદી

**Scheme Name:** **District**

| CTS ID (18 Digit)/ચાઈલ્ડ ટ્રેકિંગ નંબર | Student Name/વિદ્યાર્થીનું નામ | Contact No/મોબાઈલ નંબર | Standard/ધોરણ | District/જીલ્લો | Block/તાલુકો | Villge/ગામ | School dise Code( 11 Digit)/યુ ડાયસ કોડ | School Name/શાળા નું નામ | LC/Birth Certificate (ફોટો સાથે લાવવો) | Student Aadhar NO (ફોટો સાથે લાવવો) | એકાઉન્ટ નંબર (કેન્સલ ચેક/પાસબુકની નકલનો ફોટો લાવવો | Student Mother Aadhar No (ફોટો સાથે લાવવો) | Income Ceritificate if (Self Finance Student) required (ફોટો સાથે લાવવો) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | |
| | | | | | | | | | | | | | |

નોંધ: તમામ વિગત લાગુ પડતા ડોક્યુમેન્ટ સાથે સોફ્ટ કોપી તેમજ હાર્ડ કોપી સાથે લઇ રૂબરૂમાં ઉપસ્થિત રહેવું.